# રજીસ્ટ્રેશન પહોંચ

પહોંચ નંબર ૨૦૨૨૦૧૦૦૦૦૭૧૫ દસ્તાવેજ નંબર ૪૨૪ દસ્તાવેજ વર્ષ ૨૦૨૨

તારીખ ૧૮ માહે જાન્યુઆરી સને ૨૦૨૨

દસ્તાવેજનો પ્રકારઃ માલિકી ફેરખત/વેચાણ અવેજ ૨૬૦૦૦૦૦.૦૦

રજુ કરનારનું નામ મયુર સોમચંદ ચંદરીયા તે સરીત સોભાગ્યચંદ શાહ ના ખાસ મુખત્યાર દરજ્જે.

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | ૨૬૦૦૦.૦૦ |
| નકલ કરવા ની ફી સાઇડ / ફોલીયો | ૧૨૦૦.૦૦ |
| શેરોની નકલ કરવા માટે ફી | |
| ટપાલ ખર્ચ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ) | |
| શોધ અગર તપાસણી | |
| દંડ કલમ-૨૫ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ) | |
| નકલ ફી ફોલીયો | |
| ઈન્ડેક્ષ-૨ ફી | |

THE SELA OF SUB REGI... JAMNAGAR-2 (WEST) જામનગર સબ રજીસ્ટ્રાર ... જામનગર-૨ (પશ્ચિમ)

| કુલ એકંદરે રૂ. | ૨૭૨૦૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા સત્તાવીસ હજાર બે સો પુરા

દસ્તાવેજ ____________ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ________________ આવશે. કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

ઓશવાળ કોલોની જૈન દેરાસર સામે શેરી ન.3 જામનગર

અગર ______________________ ને આપશો

રજુ કરનારની સહી

RAVALIYA DAXA RAMBHAI
સબ રજીસ્ટ્રાર
જામનગર - 2-WST

અંકે રૂ. : 27200.00
20220107854230188
સબ રજીસ્ટ્રાર, જામનગર - 2-WST

IGR-NIC(G) 2230812313269337797 (W) ૦૧/૧૮/૨૦૨૨ 12:38:48

JMN - 2 WST

424 | 1 | 56

2022

## e- Challan

| | | | |
|---|---|---|---|
| ogin ID PDEN | 2022010000256 | BARCODE | Printed On 07/01/2022 19:47:37 |

| | | | |
|---|---|---|---|
| epartment | Superintendent of Stamps And Inspector General Of Registration | Payer Details | |
| roperty etails | Village : Kansumra, R S No. 62/Paiki-4, Industrial Sub Plot No. 2/1, 2/2 and 2/3. | TAX ID (If Any) | |
| | | PAN No. (If Applicable) | NA |
| | | Full Name | Mayur Somchand Chandaria |
| ffice Name | S.R.O - Jamnagar-2 | Address | 3, Oswal Colony Summer Club Road, Jamnagar. |
| ocation | JAMNAGAR | | |
| ear | 2021-2022 One time | | |

| Transaction No | Account Head Details | | Amount (RS.) | Bank CIN | Date | Bank-Branch |
|---|---|---|---|---|---|---|
| 220107854230188 | Registration Fee (0030-03-104-00) | 27200.00 | 27200.00 | 57000013551003007012223838 | 07/01/2022 | SBIEPAY |

| | |
|---|---|
| Total Amount :- | **27200.00** |
| Total Amount In Words :- | Rupees Twenty Seven Thousand Two Hundred Only |
| Remarks (If Any) | |

SS&IGR-GUJARAT

te : (1) Stamp duty paid by the E-Challan is valid up to 6 months from the date of generation subject to provision of Sec52/c of the Gujarat stamp t-1958.
The Registration fee paid by E-challan is valid up to 4 month from the date of execution of the instrument, u/s.23 of the Registration Act-1908.

sclaimer: This is a digitally system generated e-Challan, Which does not require signature.

JMN - 2 WST
424 2 56
2022

INDIA NON JUDICIAL

# Government of Gujarat

## Certificate of Stamp Duty

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| Certificate No. | : | IN-GJ91161780956615U |
| Certificate Issued Date | : | 17-Jan-2022 04:17 PM |
| Account Reference | : | SHCIL (FI)/ gjshcil01/ JAMNAGAR1/ GJ-JM |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJSHCIL01150433324947O2U |
| Purchased by | : | SIDDHI VINAYAK CONSTRUCTION PARTNERSHIP FIRM |
| Description of Document | : | Article 20(a) Conveyance - Immovable Property |
| Property Description | : | KANSUMRA, R.S.NO.62/PAIKI-4 INDUSTRIAL SUB PLOT NO 2/1,2/2 AND 2/3 |
| Consideration Price (Rs.) | : | 26,00,000<br>(Twenty Six Lakh only) |
| First Party | : | SIDDHI VINAYAK CONSTRUCTION PARTNERSHIP FIRM |
| Second Party | : | SARIT SOBHAGYACHAND SHAH |
| Stamp Duty Paid By | : | SIDDHI VINAYAK CONSTRUCTION PARTNERSHIP FIRM |
| Stamp Duty Amount(Rs.) | : | 1,27,400<br>(One Lakh Twenty Seven Thousand Four Hundred only) |

SHCIL JAMNAGAR

0016025621

SIDDHI VINAYAK CONSTRUCTION PARTNERSHIP FIRM

Statutory Alert:
1. The authenticity of this Stamp certificate should be verified at 'www.shcilestamp.com' or using e-Stamp Mobile App of Stock Holding. Any discrepancy in the details on this Certificate and as available on the website / Mobile App renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.
3. In case of any discrepancy please inform the Competent Authority.

... ૪ ...

14/12/2021

JMN - 2 WST

424 3 56

2022





18/01/2022

-:: વેંચાણ - દસ્તાવેજ ::-

::::::::::::::::::::::::::::::

અવેજ રૂ.૨૬,૦૦,૦૦૦/- અંકે રૂપિયા છવીસ લાખ પુરા

==============================

... ૪ ...

14/12/2021

JMN - 2 WST
424 | 74 | 56
2022



લખાવી લેનાર :- "મેસર્સ સિધ્ધિ વિનાયક કન્સ્ટ્રકશન" ના નામથી ચાલતી ભાગીદારી પેઢી :-

P.A.NO.:-AEOFS 8733 A

હસ્તેઃ તેના પ્રવર્તમાન ભાગીદારો :-

(૧) પરેશ દેવજી હુંમર
ઉ.વ. : ૪૩, ધંધો : વેપાર,

(૨) દિપેશ વિનોદરાય આસોડીયા
ઉ.વ. :૪૧, ધંધો : વેપાર,

(૩) ધર્મેશ મનસુખભાઈ મકવાણા
ઉ.વ. :૩૮, ધંધો : વેપાર,

પેઢીનું સરનામું :-
૭૪/એ, કેવલીયા વાડી, શેરી નં.૧,
એમ્યુઝમેન્ટ પાર્ક સામે, મેહુલનગર પાસે
જામનગર

... તે ખરીદ કરનાર

જોગ,

લખી આપનાર :- સરીત સોભાગ્યચંદ શાહ
ઉ.વ. : ૪૪, ધંધો : વેપાર,
ઠે. C/O. સોમચંદ વીરપાળ ચંદરીયા,
ઓશવાળ કોલોની, જૈન દેરાસર સામે,
શેરી નં.૩, જામનગર.
રે.TEXT BOOK CENTRE LTD.
P.O.BOX NO.47540-001,
NAIROBI - KENYA
P.A.NO.:-BMNPS 6272 C

... તે વેંચાણ આપનાર



14/12/2021
પરેશ હુંમર
દિપેશ
ધર્મેશ મનસુખ મકવાણા

આથી તમો લખાવી લેનાર **''મેસર્સ સિદ્દિ વિનાયક કન્સ્ટ્રકશન'' ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના પ્રવર્તમાન ભાગીદારો :- પરેશ દેવજી કુંમર વિગેરે** (જેનો હવે પછી આ વેંચાણ દસ્તાવેજમાં ''ખરીદનાર, લખાવી લેનાર, તમો, તમારા'' એ રીતે ઉલ્લેખ કરવામાં આવશે અને તે સંબોધનમાં તેમના વંશવારસો, એડમીનીસ્ટ્રેટર્સ, એકઝીકયુટર્સ, એસાઈની વિગેરેનો સમાવેશ થઈ જાય છે તે)

જોગ અમો લખી આપનાર **સરીત સૌભાગ્યચંદ શાહ** (જેનો હવે પછી આ વેંચાણ દસ્તાવેજમાં ''વેંચાણ આપનાર, લખી આપનાર, અમો, અમારા'' એ રીતે ઉલ્લેખ કરવામાં આવશે, અને તે સંબોધનમાં તેમના વંશવારસો, એડમીનીસ્ટ્રેટર્સ, એકઝીકયુટર્સ, એસાઈની વિગેરેનો સમાવેશ થઈ જાય છે તે) આ વેંચાણ દસ્તાવેજથી લખી આપી બંધાઈએ છીએ કે, :-

જામનગર જીલ્લાના, જામનગર તાલુકાના મોજે **ગામ : કનસુમરા**ના **રેવન્યુ સર્વે નં.૬૨/પૈકી-૪** વાળી જમીન, જે ઔદ્યોગિકના હેતુ માટે બીનખેતીમાં ફેરવવામાં આવેલ છે, તે ઔદ્યોગિકના હેતુ માટે બીનખેતી થયેલ સમગ્ર જમીનમાં મંજુર થયેલ પ્લાન મુજબ ૧ થી ૬ અલગ અલગ પ્લોટો પાડવામાં આવેલ છે. તે સમગ્ર બીનખેતીની જમીન **''સત હરીરામ બાપા ઔદ્યોગિક વસાહત''** તરીકે ઓળખાય છે.

તે બીનખેતી પ્લોટો પૈકી **સબ-પ્લોટ નં.૨/૧, ૨/૨, ૨/૩ વાળી ખુલ્લી જમીન - ખુલ્લા પ્લોટ** અમો વેંચાણ આપનારની માલિકી, કબજા, ભોગવટાના આવેલ છે.

તે **સબ-પ્લોટ નં.૨/૧, ૨/૨, ૨/૩ વાળી ખુલ્લી જમીન - ખુલ્લા**



14/12/2021

**પ્લોટ** જેની વિશેષ વિગત જેવી કે ક્ષેત્રફળ, હદદિશા, રેવન્યુ સરવે નંબર, વગેરે નીચે મુજબ તથા ઉતરોતરના કાગળોમાં દર્શાવ્યા મુજબ છે અને તે મુજબ સમજવાની છે.

તે **સબ-પ્લોટ નં.૨/૧, ૨/૨, ૨/૩ વાળી ખુલ્લી જમીન - ખુલ્લા પ્લોટ** તમોને તેમાં અમો વેંચાણ આપનારના આકાશ-પાતાળ સહિતના જેવા અને જેટલા હકક છે તેવા અને તેટલા તમામ હકક સાથે, સંપૂર્ણપણે ટાઈટલ કલીયર અને મારકેટેબલ, ખાલી કબજે કુલ **રૂા.૨૬,૦૦,૦૦૦/- અંકે રૂપિયા છવીસ લાખ પુરામાં** વેંચાણ આપેલ છે. તે બાબત તમારા જોગનો અમો આ વેંચાણ દસ્તાવેજ આજરોજ કરી આપીએ છીએ.

**-:: વેંચાણ આપેલ પ્લોટનું વર્ણન તથા હદદિશા નીચે મુજબ છે ::-**

==============================

શ્રી ગુજરાત રાજયના, જામનગર જીલ્લાના, જામનગર તાલુકાના, મોજે **કનસુમરા ગામના**

**રેવન્યુ સરવે નં.૬૨/પૈકી-૪** વાળી કુલ ૨૩૧૬૮.૦૦ ચોરસ મીટરના ક્ષેત્રફળની જમીન જેનો ઔદ્યોગિક હેતુ માટેનો બીનખેતી લે-આઉટ પ્લાન મુખ્ય કારોબારી અધિકારીશ્રી, જામનગર વિસ્તાર વિકાસ સતામંડળ (જાડા) ના તારીખ :૧૮-૧૦-૨૦૦૪ ના હુકમ નંબર - જાવિવિસ/ટેક/૧૪૨/૨૨/૦૪/૨૦૯૨ થી મંજુર કરવામાં આવેલ, અને ત્યારબાદ આ આખી જગ્યા નાયબ જીલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), જામનગરના તા.૬-૧-૨૦૦૫ ના બીનખેતી હુકમ નંબર : રેવ/૧/બીખે/ રજી.૪૦/૨૦૦૫થી **ઔદ્યોગિકના હેતુ** માટે બીનખેતી થયેલ છે. જેમાં મંજુર થયેલ પ્લાન મુજબ ૧ થી ૬ અલગ અલગ પ્લોટો પાડવામાં આવેલ છે. તે સમગ્ર બીનખેતીની જમીન **''સત હરીરામ બાપા ઔદ્યોગિક વસાહત'** તરીકે ઓળખાય છે.

... ૭ ...

14/12/2021

JMN - 2 WST
424 | 7 | 56
2022



તે બીનખેતીની જમીનમાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.૨ વાળી જગ્યાનું મહાનગરપાલિકા જામનગરે તેઓના ક્રમાંક : ૦૦૬એલડી ૨૦૨૧૧૨૨૯, તા.૮-૩-૨૦૨૧ ના દિવારના હુકમથી કુલ -૫ સબ-પ્લોટીંગની પરવાનગી આપેલ છે, અને સબ-પ્લોટ નં.૨/૧ થી ૨/૫ સુધીના સબ-પ્લોટીંગના પ્લાન મંજુર કરેલ છે.

તે મંજુર થયેલ સબ-પ્લોટો પૈકી **સબ-પ્લોટ નં.૨/૧, ૨/૨, ૨/૩ વાળી ખુલ્લી જમીન - ખુલ્લા પ્લોટ જેનું અલગ અલગ ક્ષેત્રફળ નીચે મુજબ છે.**

| **ક્ષેત્રફળ** | **:- સબ-પ્લોટ નંબર** | **ચોરસ મીટર** | **ચોરસ ફુટ** |
|---|---|---|---|
| | **૨/૧** | **૬૧૫.૧૬** | **૬૬૨૧.૫૮** |
| | **૨/૨** | **૪૯૯.૯૪** | **૫૩૮૧.૩૫** |
| | **૨/૩** | **૩૪૧.૧૦** | **૩૬૭૧.૬૦** |
| | **કુલ** | **૧૪૫૬.૨૦** | **૧૫૬૭૪.૫૩** |

**વેંચાણ આપેલ પ્લોટની સંયુકત હદદિશા નીચે મુજબ છે**

| | | |
|---|---|---|
| **ઉત્તરે** | : | પ્લોટ નં.૧ આવેલ છે. |
| **દક્ષિણે** | : | ૧૨.૦૦ મીટર પહોળો રસ્તો આવેલ છે. |
| **પૂર્વે** | : | ૭૫.૦૦ મીટર પહોળો ડી.પી.રોડ આવેલ છે. |
| **પશ્ચિમે** | : | સબ-પ્લોટ નં.૨/૪ તથા ૨/૫ આવેલ છે. |

... ૮ ...

14/12/2021

JMN - 2 WST

424 | 8 | 56

2022

... c ...





મિલકતનું પોષ્ટલ સરનામું: રે.સ.નં.૬૨/પૈકી-૪,
સત હરીરામ બાપા ઔદ્યોગિક વસાહત,
સબ-પ્લોટ નં.૨/૧,૨/૨,૨/૩,
ગામ : કનસુમરા
તા.જી.જામનગર.

લખાવી લેનારની સહી : મેસર્સ સિધ્ધિ વિનાયક કન્સ્ટ્રકશનના
નામથી ચાલતી ભાગીદારી પેઢીના
પ્રવર્તમાન ભાગીદારો :-

૧) ------------
પરેશ દેવજી ઠુંમર

૨) ------------
દિપેશ વિનોદરાય આસોડીયા

૩) ------------
ધર્મેશ મનસુખભાઇ મકવાણા

લખી આપનારની સહી : ------------
14/12/2021
સરીત સોભાગ્યચંદ શાહ

આમ, ઉપરોકત હકીકત, હદદિશા તથા વર્ણનવાળા પ્લોટ તમો વેંચાણ લેનારને આ વેંચાણ દસ્તાવેજથી **રૂ.૨૬,૦૦,૦૦૦/- અંકે રૂપિયા છવીસ લાખ પુરામાં** વેંચાણ આપવામાં આવે છે.

... ૧૦ ...

14/12/2021

ઉપરોકત હકીકત, હદદિશા તથા વર્ણનવાળા પ્લોટ જેને હવે પછી આ વેંચાણ દસ્તાવેજમાં ટુંકમાં **''મજકુર પ્લોટ''** તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

આ મજકુર પ્લોટના અવેજની રકમ **રૂા.૨૬,૦૦,૦૦૦/- અંકે રૂપિયા છવીસ લાખ પુરા** અમો વેંચાણ આપનારને તમો વેંચાણ લેનાર તરફથી નીચેની વિગતે વસુલ મળેલ છે.

**-:: અવેજની વિગત ::-**

===========

| | |
|---|---|
| રૂા.૨૦,૫૯,૨૦૦/- | અંકે રૂપિયા વીસ લાખ ઓગણસાંઇઠ હજાર બસો પુરા આઈસીઆઈસીઆઈ બેંક, જામનગર-૨ બ્રાંચ, એરપોર્ટ રોડ, જામનગરના ચેક નં.૦૦૦૯૦૩, તા.૧-૧૨-૨૦૨૧ થી મળેલ છે. |
| રૂા. ૫,૪૦,૮૦૦/- | અંકે રૂપિયા પાંચ લાખ ચાલીસ હજાર આઠસો પુરા ટીડીએસ કપાતના |
| ---------- | |
| **રૂા.૨૬,૦૦,૦૦૦/-** | **અંકે રૂપિયા છવીસ લાખ પુરા** |
| ========== | |

ઉપરોકત વિગતે ''મજકુર પ્લોટ'' ના અવેજની રકમ **રૂા.૨૬,૦૦,૦૦૦/- અંકે રૂપિયા છવીસ લાખ પુરા** તમારા **તરફથી અમોને** મળી ગયેલ છે, અને હવે અવેજની કોઈ રકમ તમો વેંચાણ લેનારે અમો વેંચાણ આપનારને ચુકવવાની બાકી રહેતી નથી, કે તમો વેંચાણ લેનાર પાસેથી અમો વેંચાણ આપનારે અવેજની કોઈ રકમ લેવાની બાકી રહેતી નથી, અને ચુકતે અવેજ મલ્યાની આથી તમોને પહોંચ આપવામાં આવે છે.



14/12/2021

JMN - 2 WST

424 | 11 | 56

2022



આ તમોને વેંચાણ આપેલ મજકુર પ્લોટનો જેમાં સમાવેશ થાય છે તે રે.સ.નં.૬૨ વાળી જમીન તથા અન્ય જમીનો શાહ અમૃતલાલ ખીમજીના નામે રેવન્યુ રેકર્ડમાં આવેલ, જેની નોંધ ગામના નમુના નં.૬ માં પ્રમોલગેશન નોંધ નં.૨૫, તા.૨૩-૪-૧૯૫૩ થી કરવામાં આવેલ છે.

ત્યારબાદ શાહ અમૃતલાલ ખીમજીના અવસાન બાદ સદરહુ જમીન તેઓના વારસદારો શાહ લખમાબેન લાખા તે અમૃતલાલ ખીમજીના વિધવા વિગેરેને વારસાઈ રૂએ પ્રાપ્ત થયેલ, જેની નોંધ ગામના નમુના નં.૬ માં નોંધ નં.૩૮૭, તા.૫-૧૧-૧૯૬૮ થી કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ સહવારસદારો પૈકી જીવીબેન સામતનું અવસાન થતા તેઓનું નામ રેવન્યુ રેકર્ડમાંથી કમી કરવામાં આવેલ, જેની નોંધ ગામના નમુના નં.૬ માં નોંધ નં.૬૧૮, તા.૧૯-૧-૧૯૮૩ થી કરવામાં આવેલ છે.

ત્યારબાદ ખેતશી ખીમજી તથા અન્ય સહખાતેદારો વચ્ચે સદરહુ જમીનની ભાયાભાગે વહેંચણી કરવામાં આવેલ, અને તે વહેંચણી મુજબ રે.સ.નં.૬૨ પૈકીની એકર : ૯-૩૯ ગુંઠા જમીન ખેતશી ખીમજીના ભાગે અને હિસ્સે આવેલ, જેની નોંધ ગામના નમુના નં.૬ માં નોંધ નં.૭૮૧, તા.૨૦-૨-૧૯૯૧ થી કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ સહખાતેદારો પૈકી લક્ષ્મીબેન લાખાનું અવસાન થતા તેમનું નામે રેવન્યુ રેકર્ડમાંથી કમી કરવામાં આવેલ, જેની નોંધ ગામના નમુના નં.૬ માં નોંધ નં.૮૭૧, તા.૧૮-૨-૧૯૯૫ થી કરવામાં આવેલ છે.

ત્યારબાદ કંચનબેન અમૃતલાલ શાહ તથા નિર્મળાબેન અમૃતલાલ શાહ પાસેથી સદરહુ રે.સ.નં.૬૨ પૈકીની એકર : ૧૦-૦૦ ગુંઠા

... ૧૨ ...

14/12/2021

JMN - 2 WST
424 | 12 | 56
2022



જમીન સોભાગચંદ વિદ્યા શાહએ અનુ.નં. ૨૩૫૭, તા.૨૬-૪-૧૯૯૫ના હિવારના રજીસ્ટર્ડ દસ્તાવેજથી ખરીદ કરેલ, જેની નોંધ ગામના નમુના નં.૬ માં નોંધ નં.૮૭૬, તા.૧૫-૬-૧૯૯૫ થી કરવામાં આવેલ છે.

ત્યારબાદ સોભાગચંદ વિદ્યા શાહએ સદરહુ રે.સ.નં.૬૨ પૈકીની જમીન તથા અન્ય જમીનની વહેંચણી કરેલ, અને તે વહેંચણી મુજબ રે.સ.નં.૬૨ પૈકીની એકર : ૨-૦૧ ગુંઠા જમીન રશ્મીબેન સોભાગચંદ તથા નિષ્માબેન સોભાગચંદ તથા સીમાબેન સોભાગચંદ તથા લીનાબેન સોભાગચંદના ભાગે અને હિસ્સે આવેલ, જેની નોંધ ગામના નમુના નં.૬ માં નોંધ નં.૮૮૦, તા.૨૭-૪-૧૯૯૫ થી કરવામાં આવેલ છે, અને સોભાગચંદ વિદ્યા શાહ પાસે રે.સ.નં.૬૨ પૈકીની બાકીની જમીન રહેલ.

ત્યારબાદ સોભાગચંદ વિદ્યા શાહએ રે.સ.નં.૬૨/પૈકી-૪, ચો.મી. ૨૩૧૬૮-૦૦ વાળી જમીન ઔદ્યોગિકના હેતુ માટે બીનખેતીમાં ફેરવવાની કાર્યવાહી કરતાં જામનગર વિસ્તાર વિકાસ સતામંડળ જામનગરે તેઓના ક્રમાંક નં.જાવિવિસ/ટેક/૧૪૨/૨૨/૦૪/૨૦૯૨ તારીખ :- ૧૮-૧૦-૨૦૦૪ ના રોજ લે-આઉટ પ્લાન મંજુર કરેલ, અને નાયબ જીલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), જામનગરે તેઓના ક્રમાંક : રેવ/૧/બીખે/ રજી.૪૦/૨૦૦૫ તા.૬-૧-૨૦૦૫ ના હિવારના હુકમથી સદરહુ જગ્યા ઔદ્યોગિકના હેતુ માટે બીનખેતી ઉપયોગની પરવાનગી આપેલ અને બીનખેતીના લે-આઉટ પ્લાન મંજુર કરેલ છે.

ત્યારબાદ નાયબ જીલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), જામનગરે મંજુર કરેલ બીનખેતીના લે-આઉટ પ્લાન મુજબ સોભાગચંદ વિદ્યા શાહએ હિસ્સા માપણી કરવાની કાર્યવાહી કરતાં ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ

... ૧૩ ...

14/12/2021
પ.ડિ.

રેકર્ડ માપણી કરી સોભાગચંદ વિદ્યા શાહના નામના હિસ્સા ફોર્મ નં.૪ ઈસ્યુ કરેલ છે.

ત્યારબાદ સોભાગચંદ વિદ્યા ઉર્ફે વિધુ શાહએ તેમની મિલકત સંબંધે અનુ.નં.૬૨૫, તા.૨૯-૧-૨૦૧૮ ના દિવારનું રજી. વીલ યાને વસિયતનામું કરેલ, અને તેમનું તા.૬-૪-૨૦૨૧ ના રોજ અવસાન થતા તેઓએ કરેલ વીલની જોગવાઈ મુજબ મજકુર પ્લોટનો જેમાં સમાવેશ થાય છે તે પ્લોટ તથા અન્ય પ્લોટ અમો વેંચાણ આપનાર સરીત સોભાગ્યચંદ શાહને પ્રાપ્ત થયેલ છે, જે સંબંધેની નોંધ ગામના નમુના નં.૨ માં કરવામાં આવેલ છે.

ત્યારબાદ અમો વેંચાણ આપનાર સરીત સોભાગ્યચંદ શાહએ સદરહુ પ્લોટ નં.૨ વાળી જગ્યાનું સબ-પ્લોટીંગ કરવાની કાર્યવાહી કરતા મહાનગરપાલિકા જામનગરે તેઓના ક્રમાંક : ૦૦૬એલડી ૨૦૨૧૧૨૨૯, તા.૮-૩-૨૦૨૧ ના દિવારના હુકમથી કુલ -૫સબ-પ્લોટીંગની પરવાનગી આપેલ છે, અને સબ-પ્લોટ નં.૨/૧ થી ૨/૫ સુધીના સબ-પ્લોટીંગના પ્લાન મંજુર કરેલ છે.

આમ, ઉપરોકત વિગતે મજકુર પ્લોટ અમો વેંચાણ આપનારના સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટામાં આવેલ છે, અને તે વેંચાણ આપવા અમોને સંપૂર્ણ સતા અને અધિકાર છે.

આ ''મજકુર પ્લોટ'' ના અમારા જોગના માલિકી હકક તથા તે સંબંધેના નીચે મુજબના કાગળો / દસ્તાવેજો તમોને માલિકી રૂએ આજરોજ સોંપી આપેલ છે. જે તમોએ અમારી પાસેથી માલિકી રૂએ સંભાળી લીધેલ છે.



Afom 14/12/2021
A.s.R.

JMN - 2 WST
424 14 56
2022



## -:: હકકના કાગળો ::-

=========

૧) ટીપ્પણની નકલ.

૨) શાહ અમૃતલાલ ખીમજીના નામની ગામના નમુના નં.૬ ની નોંધ નં.૨૫, તા.૨૩-૪-૧૯૫૩ થી નકલ.

૩) શાહ અમૃતલાલ ખીમજીના અવસાન બાદ તેઓના વારસદારો શાહ લખમાબેન લાખા તે અમૃતલાલ ખીમજીના વિધવા વિગેરેના નામની ગામના નમુના નં.૬ ની નોંધ નં.૩૮૭, તા.૫-૧૧-૧૯૬૮ ની નકલ.

૪) જીવીબેન સામતના અવસાન બાદ તેઓનું નામ કમી કર્યા સંબંધેની ગામના નમુના નં.૬ ની નોંધ નં.૬૧૮, તા.૧૯-૧-૧૯૮૩ ની નકલ.

૫) ખેતશી ખીમજી તથા અન્ય સહખાતેદારો વચ્ચે ભાયભાગની વહેંચણી કરવામાં આવેલ, તે સંબંધેની ગામના નમુના નં.૬ ની નોંધ નં.૭૮૧, તા.૨૦-૨-૧૯૯૧ ની નકલ.

૬) લક્ષ્મીબેન લાખાના અવસાન બાદ તેઓનું નામ કમી કર્યા સંબંધેની ગામના નમુના નં.૬ ની નોંધ નં.૮૭૧, તા.૧૮-૨-૧૯૯૫ ની નકલ.

૭) સોભાગચંદ વિદ્યા શાહ જોગ કંચનબેન અમૃતલાલ શાહ તથા નિર્મળાબેન અમૃતલાલ શાહએ કરી આપેલ અનુ.નં. ૨૩૫૭, તા.૨૬-૪-૧૯૯૫ ના દિવારના રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજની નકલ.

૮) સોભાગચંદ વિદ્યા શાહના નામની ગામના નમુના નં.૬ ની નોંધ નં.૮૭૬, તા.૧૫-૬-૧૯૯૫ ની નકલ.

૯) સોભાગચંદ વિદ્યા શાહએ સદરહુ રે.સ.નં. ૬૨ પૈકીની જમીન તથા અન્ય જમીનની વહેંચણી કરેલ, તે સંબંધેની ગામના નમુના નં.૬ ની નોંધ નં.૮૮૦, તા.૨૭-૪-૧૯૯૫ ની નકલ.

૧૦) જામનગર વિસ્તાર વિકાસ સતામંડળ જામનગરે ઈસ્યુ કરેલ ક્રમાંક :

... ૧૫ ...

14/12/2021

JMN - 2 WST
424 | 19 | 56
2022



જાવિવિસ/ફા.ટેક/૨૦૯૪, તા.૧૮-૧૦-૨૦૦૪ ના દિવારના ઝોનીંગ સર્ટીફીકેટની નકલ તથા પાર્ટ પ્લાનની નકલ.

૧૧) જામનગર વિસ્તાર વિકાસ સતામંડળ જામનગરના લે-આઉટ પ્લાન એપ્રુવ્ડ કરવા સંબંધેના ક્રમાંક નં.જાવિવિસ/ટેક/૧૪૨/૨૨/૦૪/૨૦૯૨ તા.૧૮-૧૦-૨૦૦૪ ના દિવારના હુકમની નકલ.

૧૨) નાયબ જીલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), જામનગરના બીનખેતી ઉપયોગની પરવાનગી સંબંધેના ક્રમાંક : રેવ/૧/બીખે/રજી.૪૦/ ૨૦૦૫ તા.૬-૧-૨૦૦૫ ના દિવારના હુકમની નકલ તથા મંજુર કરેલ પ્લાનની નકલ.

૧૩) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડ કચેરી, જામનગરે ઈસ્યુ કરેલ હિસ્સા ફોર્મ નં.૪ ની નકલ.

૧૪) સોભાગચંદ વિદ્યા શાહના નામના પ્લોટ નં.૨ સંબંધેના ગામના નમુના નં.૨ ની નકલ.

૧૫) સોભાગચંદ વિદ્યા ઉર્ફે વિધુ શાહએ તેમની મિલકત સંબંધે કરેલ અનુ.નં.૬૨૫, તા.૨૯-૧-૨૦૧૮ ના દિવારનું રજી. વીલ યાને વસિયતનામું અસલની નકલ.

૧૬) સોભાગચંદ વિદ્યા ઉર્ફે વિધુ શાહના મરણના દાખલાની નકલ.

૧૭) અમો વેંચાણ આપનાર સરીત સોભાગ્યચંદ શાહના નામના પ્લોટ નં.૨ સંબંધેના ગામના નમુના નં.૨ ની નકલ.

૧૮) મહાનગરપાલિકા જામનગરના સબ-પ્લોટીંગ સંબંધેના તેઓના ક્રમાંક : ૦૦૬એલડી ૨૦૨૧૧૨૨૯, તા.૮-૩-૨૦૨૧ ના દિવારના હુકમની નકલ તથા મંજુર કરેલ પ્લાનની નકલ.

૧૯) મયુર સોમચંદ ચંદરીયા જોગ અમો સરીત સોભાગ્યચંદ શાહએ મજકુર પ્લોટ તથા અન્ય પ્લોટ સંબંધે આપેલ ખાસ મુખત્યારનામાની નકલ.

... ૧૬ ...

14/12/2021

ઉપરોકત દર્શાવ્યા સિવાયના ''મજકુર પ્લોટ'' ના માલિકી હકકના કોઈ કાગળો કે દસ્તાવેજો અમારી પાસે નથી કે તમોને સોંપેલ નથી. તેમ છતાં ''મજકુર પ્લોટ'' ના માલિકી હકક તથા તે સંબંધેના કોઈ કાગળો કે દસ્તાવેજો ભવિષ્યમાં મળી આવે તો તેની નકલો તમોને બીનતકરાર, વિના મુલ્યે સોંપી આપવાની છે અને તમારા હકક સામે રદ્દબાતલ છે.

આ તમોને વેંચાણ આપેલ ''મજકુર પ્લોટ'' ના માલિકી હકક સંબંધેના દસ્તાવેજો / કાગળો અસલ અમારી પાસે રાખેલ છે, અને સદરહુ દસ્તાવેજો / કાગળો તથા ઉતરોતરના અન્ય તમામ કાગળો / દસ્તાવેજોની નકલો તમોને સોંપેલ છે. અમારી પાસે રહેલ અસલ દસ્તાવેજો ભવિષ્યમાં તમારે જોવા, બતાવવા, મુકાબીલ કરવા જરૂર પડે ત્યારે અમારે સદરહુ અસલ દસ્તાવેજો જોવા, બતાવવા, મુકાબીલ કરવા આપવાના છે, અને તે બાબતે સંપૂર્ણ સાથ - સહકાર આપવાનો છે.

આ મજકુર પ્લોટ તમોને નાયબ જીલ્લા વિકાસ અધિકારી (મહેસુલ), જામનગરના બીનખેતી હુકમમાં દર્શાવેલ શરતોને આધીન વેંચાણ આપવામાં આવે છે, અને બીનખેતી હુકમ તથા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, જામનગરના પત્ર ક્રમાંક જાવિવિસ/ટેક/૧૪૨/૨૨/૦૪/ ૨૦૯૨ તા.૧૮-૧૦-૨૦૦૪ માં જણાવેલ તમામ શરતોનું તમો વેંચાણ લેનારે ચુસ્તપણે પાલન કરવાનું છે, અને તમામ શરતો તમોને બંધનકર્તા રહેશે.

આ તમોને વેંચાણ આપેલ '' મજકુર પ્લોટ '' વાળી જગ્યાને શહેરી જમીન ટોચ મર્યાદા ધારો હાલ લાગુ પડતો નથી. તેમજ શહેરી જમીન ટોચ મર્યાદા ધારો રદ્ થઇ ગયેલ છે. તેમ છતાં શહેરી જમીન ટોચ મર્યાદા ધારા અન્વયે કોઇ જમીન ફાજલ થયેલ નથી તે અંગેનું જરૂરી સોગંદનામું અમોએ દસ્તાવેજના આધારમાં રજુ કરેલ છે.



14/12/2021

JMN - 2 WST

424 | 17 | 56

2022



આ તમોને વેંચાણ આપેલ ''મજકુર પ્લોટ'' નો શાંત, ખાલી, બજનશ કબજો પ્રત્યક્ષ રીતે અમો વેંચાણ આપનારએ તમો વેંચાણ લેનારને માલિકી રૂએ સોંપી આપેલ છે. જે તમોએ સ્થળ પર આવી શાંત, ખાલી, બજનશ કબજો, જોઇ તપાસીને માલિકી રૂએ પ્રત્યક્ષ રીતે સંભાળી લીધેલ છે.

આ તમોને વેંચાણ આપેલ ''મજકુર પ્લોટ'' અમો વેંચાણ આપનારની સ્વતંત્ર, માલિકી, કબજા, ભોગવટાનો છે, અને તેમાં અમારા સિવાય અન્ય કોઇનો કોઇપણ જાતનો હકક, હિસ્સો, હિત, સંબંધ, લાગભાગ કે અધિકાર આવેલ નથી, અને અમોને વેંચાણ આપવા સંપૂર્ણ સતા અને અધિકાર છે.

તેમજ ''મજકુર પ્લોટ'' ઉપર કોઇપણ વ્યકિત, પેઢી, સંસ્થા, સરકારી કે અર્ધ-સરકારી કચેરી, સહકારી મંડળી, રાષ્ટ્રીયકૃત બેંક કે સરકારશ્રીનું કોઇપણ જાતનું લેણું, બોજો, ચાર્જ, કરજ, લીયન કે અગ્રહકક આવેલ નથી, અને આ ''મજકુર પ્લોટ'' સંપૂર્ણ બોજારહીત છે, અને કલીયર ટાઇટલવાળો અને મારકેટેબલ છે.

આ તમોને વેંચાણ આપેલ ''મજકુર પ્લોટ'' અંગે કોઇપણ સરકારી, અર્ધ-સરકારી કચેરી, કોર્ટ, લવાદ, ટ્રીબ્યુનલ કે કોઇપણ રેવન્યુ ઓથોરીટી સમક્ષ કે શહેરી જમીન ટોચ મર્યાદા કચેરી જામનગર તથા મહેસુલ પંચ, અમદાવાદ કે સરકારશ્રીમાં શહેરી જમીન ટોચ મર્યાદા ધારા અન્વયે કે કોઇપણ પ્રકારે અરજ, અહેવાલ, દરદાવા, અપીલ, રીવીઝન, રીવ્યુ થયેલ નથી કે પેન્ડીંગ નથી.

તેમજ ''મજકુર પ્લોટ'' વાળી આખી જગ્યા પૈકી કોઇપણ

... ૧૮ ...

૧૫/૧૨/૨૦૨૧

JMN - 2 WST
424 | 18 | 56
2022



જમીન સરકારશ્રીમાં સંપાદીત કે ફાજલ જાહેર થયેલ નથી કે ''મજકુર પ્લોટ'' ને આંચ કે ટાંચ આવે તેવા કોઈપણ પ્રકારના હુકમનામા થયેલ નથી અને ''મજકુર પ્લોટ'' ના અમારા જોગના માલિકી હકકમાં કોઈપણ જાતની ખામી નથી.

તેમજ ''મજકુર પ્લોટ'' અંગે અમોએ તમારા સિવાય અન્ય કોઈપણ સાથે વેંચાણ કરાર કે સોદો કરેલ નથી કે અન્ય કોઈપણ રીતે કોઈપણ વ્યકિતને પેઢી, સંસ્થા, મંડળીમાં ગીરો, મોરગેજ કરેલ નથી અને ''મજકુર પ્લોટ'' અન્ય કોઈપણ રીતે કોઈપણને ટ્રાન્સફર, તબદીલ કે એસાઈન કરેલ નથી અને ''મજકુર પ્લોટ'' સંપૂર્ણ કલીયર ટાઈટલવાળો અને મારકેટેબલ છે, તેમજ બોજામુકત છે, તેવી સ્પષ્ટ ખાત્રી, વિશ્વાસ અને ભરોસો આપી અમોએ તમોને વેંચાણ આપેલ છે.

આમ છતાં ''મજકુર પ્લોટ'' માં અમો વેંચાણ આપનાર - લખી આપનાર સિવાય અન્ય કોઈપણ વ્યકિતનો કોઈપણ જાતનો હકક, હિસ્સો, લાગભાગ કે હિત, સંબંધ, લેણું, બોજો, ચાર્જ, કરજ નીકળે તો અથવા આ ''મજકુર પ્લોટ'' ના ટાઈટલમાં કોઈપણ પ્રકારની ખામી નીકળે તો તે અંગેની તમામ જવાબદારી અમો વેંચાણ આપનારની છે અને રહેશે અને આ''મજકુર પ્લોટ'' અંગેની જે કાંઈ ખામી હોય તો તે અમો વેંચાણ આપનારે અમારા ખર્ચે દુર કરી આપવાની છે.

આ તમોને વેંચાણ આપેલ ''મજકુર પ્લોટ'' નો શાંત, ખાલી, બજનશ કબજો માલિકી રૂએ તમોને સોંપી આપેલ હોય અને તમોએ સંભાળી લીધેલ હોય ''મજકુર પ્લોટ'' માં અમારો એટલે કે વેંચાણ આપનારનો કે અમારા વંશવારસો, એસાઈનીઓ, સકસેસરો, ઈત્યાદી કોઈનો હકક, હિસ્સો, હિત, સંબંધ, લાગભાગ કે અધિકાર રહેતો નથી કે રાખવામાં આવતો



14/12/2021

JMN - 2 WST
424 / 19 / 56
2022



નથી, અને આજથી તમો તમારા વંશવારસો વેરે માલિક, મુખત્યાર અને કબજેદાર થાવ છો, આજથી ''મજકુર પ્લોટ'' નો તમારી મરજી, મુન્સફી, ઈચ્છા અનુસાર માલિકી રૂએ વ્યવસ્થા, ઉપયોગ, ભોગવટો, ઉપભોગ કરવા કાયદા અનુસાર હકકદાર થાવ છો.

આ તમોને વેંચાણ આપેલ ''મજકુર પ્લોટ'' ના હવા-ઉજાસના, આકાશ-પાતાળના, વપરાશી પાણીના, વરસાદી પાણીના નિકાલના, ટેકાના, મજમુપણાના વિગેરેના ઇઝમેન્ટના જેવા અને જેટલા હકકો અમો વેંચાણ આપનારના છે તેવા અને તેટલા દરેક ઇઝમેન્ટના હકકો તમોને વેંચાણ આપેલ છે, અને તેવા તમામ હકકો તમોને તમારા વંશવારસો વેરે માલિકી રૂએ પ્રાપ્ત થાય છે, અને તેનો ઉપયોગ કરવા તમો હકકદાર થાવ છો.

આ તમોને વેંચાણ આપેલ ''મજકુર પ્લોટ'' સંબંધેના સરકારશ્રીની સંબંધકર્તા કચેરીના તમામ કરવેરા આજદિન સુધીના ભરપાઈ કરી આપેલ છે, અને આજના દિવાર પછીના તમામ કરવેરા વગેરે ભરપાઈ કરવાની જવાબદારી તમારી છે. તેમ છતાં આજના દિવાર સુધીના જે કાંઈ કરવેરા ભરવાના બાકી નીકળે તો તે અમારે ભરપાઈ કરી આપવાના છે.

આ તમોને વેંચાણ આપેલ ''મજકુર પ્લોટ'' તમો વેંચાણ લેનારે સંબંધકર્તા કચેરીઓમાં તમારા નામે ટ્રાન્સફર કરાવી લેશો, અને તે સંબંધે જયાં જયાં અમારી સહી, સંમતિ, કબુલત, હાજરીની જરૂરત પડે ત્યાં ત્યાં અમારે હાજર રહી સહી, સંમતિ, કબુલત આપવી છે, અને તે બાબતે સંપૂર્ણ સાથ અને સહકાર આપવો છે.

આ વેંચાણ દસ્તાવેજ અમારે મુદ્દતસર તમારા ખર્ચે રજીસ્ટર્ડ



14/12/2021

JMN - 2 WST

424 | 20 | 56

2022



કરાવી આપવું છે. આ વેંચાણ દસ્તાવેજ તમોએ તમારા નામે અને તમારા ખર્ચે ખરીદ કરેલ સ્ટેમ્પ પેપર ઉપર કરવામાં આવે છે.

તમારા જોગના આ વેંચાણ દસ્તાવેજનું કાર્ય પરીપૂર્ણ કરવા અમો વેંચાણ આપનારે બીજી જે કાંઇ કાર્યવાહી કરવી જરૂરી હોઇ, તેવી દરેક કાર્યવાહી અમો વેંચાણ આપનારે મુદ્દતસર પૂર્ણ કરી આપવાની રહેશે, તે સંબંધેની તમામ જવાબદારી અમારી રહેશે.

અમો હાલના વેંચાણ આપનારએ હાલનો આ વેંચાણ દસ્તાવેજ મજકુર પ્લોટ સંબંધેનો તમારા જોગ કરી આપી તેમાં અમોએ અમારી સહી જાતે કરી આપેલ છે, પરંતુ અમો જાતે હાજર રહી આ વેંચાણ દસ્તાવેજ તમારા જોગ લખી આપ્યા અંગેની કબુલાત સબ-રજીસ્ટ્રારશ્રી, જામનગર સમક્ષ આપી શકીએ તેમ ન હોવાથી અમારા વતી આ વેંચાણ દસ્તાવેજ લખી આપ્યા અંગેની કબુલાત આપવા માટે અમોએ **મયુર સોમચંદ ચંદરીયા** જોગ મજકુર પ્લોટ તથા અન્ય પ્લોટ સંબંધે ખાસ મુખત્યારનામું કરી આપેલ છે. જે ખાસ મુખત્યારનામું આજરોજ ચાલુ છે, અને તે અમોએ કયારેય રદ્દ કે વીથડ્રો કરેલ નથી અને આ ખાસ મુખત્યારનામા ના આધારે **મયુર સોમચંદ ચંદરીયા**ને અમારા વતી આ વેંચાણ દસ્તાવેજ લખી આપ્યા અંગેની કબુલાત આપવા માટે સંપૂર્ણ સતા અને અધિકાર છે, અને તેમણે આ તમારા જોગના વેંચાણ દસ્તાવેજમાં સબ-રજીસ્ટ્રારશ્રી, જામનગર સમક્ષ દસ્તાવેજ લખી આપ્યા અંગેની આપેલ કબુલાત અમોએ જાતે કબુલાત આપ્યા બરાબર ગણાશે અને તે અમોને અમારા વંશવારસો વેરે કબુલ, મંજુર અને બંધનકર્તા રહેશે, જેની સ્પષ્ટ ખાત્રી, વિશ્વાસ અને ભરોસો આપી આ વેંચાણ દસ્તાવેજ તમો લખાવી લેનાર જોગ કરી આપેલ છે.

આ વેંચાણ દસ્તાવેજ અમોએ વેંચાણ આપનારએ તમો વેંચાણ



14/12/2021

JMN - 2 WST

424 | ૨૧ | ૫૬

2022



લેનાર જોગ રાજીખુશીથી, વાંચી, વિચારી, સમજી, જીવ કાયમ રાખી, કોઈપણ જાતના અનુચીત દબાણ કે પ્રભાવ વગર, મુકત સંમતિથી, બીના કેફે, સંપૂર્ણ સભાન અને સાવધ અવસ્થામાં, અવેજની ચુકતે રકમ સ્વીકારી કરી આપેલ છે. જે અમોને તથા અમારા વંશવારસો વેરે કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. જેની ખાત્રી બદલ આ નીચે સહીઓ કરી શાખો કરાવી આપેલ છે.

જામનગર.

તા. ૧૪।૧૨।૨૦૨૧

અત્રે.....................સહી અત્રે.....................શાખ

X ------------------------ 14/12/2021

સરીત સોભાગ્યચંદ શાહ

- તે વેંચાણ આપનાર

X ------------------------ 18/01/2022

મયુર સોમચંદ ચંદરીયા

- તે ખાસ મુખત્યારનામું સ્વીકારનાર

- તે કબુલત આપનાર

K.P. Vasotariya.



પરિક્ષક

Asst. D.R.

દિર્ગેશ ગાગર ૨૩ ૬૧૦૬૫

JMN - 2 WST

424 | 22 | 56


2022



**વેંચાણ આપનાર :-**

X ______________ 14-12-2021

સરીત સોભાગ્યચંદ શાહ



**કબુલત આપનાર :-**

X ______________ 18/01/2022

મયુર સોમચંદ ચંદરીયા

તે ખાસ મુખત્યારનામું સ્વીકારનાર




**વેંચાણ લેનાર :-**

મેસર્સ સિધ્ધિ વિનાયક કન્સ્ટ્રકશનના નામથી ચાલતી ભાગીદારી પેઢીના પ્રવર્તમાન ભાગીદારો :-

૧) ______________

પરેશ દેવજી ઠુંમર




૨) ______________

દિપેશ વિનોદરાય આસોડીઆ



૩) ______________

ધર્મેશ મનસુખભાઇ મકવાણા



JMN - 2 WST

424 | 23 | 56

2022



દસ્તાવેજ નંબર: 424.... તા.: 18 JAN 2022

પરિશિષ્ટ- નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૩૪ ની પેટા કલમ-૩ મુજબનું ચેક લીસ્ટ

| અ.નં. | પ્રશ્ન | જવાબ હા/ના |
|---|---|---|
| | **લખી આપનાર, સંમતિ આપનાર કે તેઓના કુલ મુખત્યારને પુછવાના પ્રશ્નો** | |
| ૧. | લેખમાં દર્શાવ્યા મુજબ જામનગર જીલ્લાના, જામનગર તાલુકાના મોજે ગામ : કનસુમરાના રેવન્યુ સર્વે નં.૬૨/પૈકી-૪ વાળી ઔદ્યોગિકના હેતુ માટે બીનખેતી થયેલ ''સત હરીરામ બાપા ઔદ્યોગિક વસાહત'' તરીકે ઓળખાતી જમીનમાં આવેલ પ્લોટો પૈકી સબ-પ્લોટ નં.૨/૧, ૨/૨, ૨/૩ નો વેંચાણ દસ્તાવેજ કરી આપેલ છે ? | હા |
| ૨. | લેખમાં દર્શાવ્યા મુજબ ચો.મી.૧૪૫૬.૨૦ માટે લેખ કરી આપેલ છે ? | હા |
| ૩. | લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે ? | — |
| ૪. | લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતેજ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો ? | હા |
| ૫. | પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે ? | હા |
| ૬. | પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર ઓફ એટર્ની આપનાર વ્યકિત/ઓ એ સહી/અંગુઠાનું નિશાન કરેલ છે ? | હા |
| ૭. | પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે ? | હા |
| ૮. | ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો ? | હા |
| | **ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો :-** | |
| ૧. | દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો ? | હા |
| ૨. | દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એકજ છે ? | હા |
| ૩. | કોઈ વ્યકિતએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાત્રી આપો છો ? | હા |

લખી આપનારની સહી

X [signature] 14/12/2021

X [signature] 18/01/2022

ઓળખાણ આપનારની સહી

K.P. Vaghela
18/01/2022

(સહી)

સબ-રજીસ્ટ્રાર: [signature] 18/01/22
સબ રજીસ્ટ્રાર જામનગર-૨-

OFFICE OF THE SUB REGISTRAR JAMNAGAR-2 (WST)